જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૪/૦૪/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## "આત્મહત્યા એ સમસ્યાનું સમાધાન નહિ પરંતુ સમસ્યાઓને નિમંત્રણ છે" તેવું સમજાવી એક બહેનને આત્મહત્યાના વિચારોમાથી બહાર લાવી તેમનુ જીવન બચાવતી સોલા હાઈકોર્ટ પોલીસ તથા ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમ

સોલા વિસ્તારમાંથી એક અજાણ્યા બહેનનો તા.૨૩/૪/૨૩ નારોજ ૧૮૧ અભયમ હેલ્પ લાઇન પર ફોન આવે છે અને તેમના ફ્લેટમાં એક બહેન તેમના પતિ મરણ ગયેલ હોય હવે એકલા જીવાય એમ નથી તેમ કહી આત્મહત્યા કરવા જઈ રહ્યા છે તેવું જણાવતા ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમ તુરંત જગ્યા પર આવી ગયેલ અને સોલા પોલીસ સ્ટેશનના પોલીસ માણસોને પણ તાત્કાલિક બોલાવી લેતા આ બહેનનું કાઉન્સેલીંગ શરૂ કરી પુછપરછ કરતા આ બહેને જણાવેલ કે તેમના પતિ મરણ ગયા બાદ તેઓ એકલા પડી ગયેલ છે અને ઘરનું રીનોવેશનનું કામ ચાલુ હોય તેમને ૧ લાખ રૂપિયા આપવાના હોય તેમના સાસુને પૈસા આપવા નું કહેતા તેઓ પૈસા આપતા નથી અને તેઓ પણ કોઈ પ્રકારની મદદ કરતા નથી જેથી બહેન ડિપ્રેશન માં જતા રહેલ હોય અને જીવનમાં કાઇ રહ્યું ન હોય તેમને આપઘાત કરવાના વિચારો આવતા હોય બહેનને સમજાવી આપઘાત કરવાથી તેમની સમસ્યાનું સમાધાન નહીં આવે પણ સમસ્યા વધી જશે અને તેમની પુત્રી નું વિચારી નોકરી કરી સારૂં જીવન જીવવા સમજાવેલ તથા તેમના સાસુને સમજાવતા તેમના સાસુ પણ આ મહિલાને ૧ લાખ રૂપિયા આપવા તૈયાર થઈ ગયેલ અને જો તેમની વહુ સારી રીતે રાખે તો જોડે રહેવા પણ તૈયાર થઈ ગયેલ જેથી મહિલાની સારી જગ્યાએ માનસિક સારવાર કરાવડાવી તેમને હૂંફ આપવા તેમના સાસુ ને સમજાવી રાજીખુશીથી પારિવારિક જીવન જીવવા સમજાવી અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા સોલા પોલીસ સ્ટેશન ના પોલીસે મહિલાને કિંમતી જીવન આત્મહત્યા કરીને નહિ વેડફી પ્રગતિ કરી જીવનમાં આગળ વધવાની સમજ આપી ઉમદા કાર્ય કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ :-** સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૭૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૫૯ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બીયરટી, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૯૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૭૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૬૭૨/૨૦૨૩

**સેટેલાઇટઃ** રમેશભાઇ રતીભાઇ ભરવાડ (ઉ.વ.૩૧)(રહે.હિમાલી ટાવર, કેન્યુગ એપાર્ટમેન્ટ, શ્યામલ ચાર રસ્તા સેટેલાઈટ) એ તા.૨૩/૦૪/૨૦૨૩ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ૧૨/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મૌલિક પરમાર (મોબાઇલ નંબર ૯૫૮૬૦૪૧૨૯૬ જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ રમેશભાઇ તથા તેમના ભાઈ નવીન ભરવાડ ને સંયુક્તમાં લોન કરાવી આપવાનો વિશ્વાસ અને ભરોસો અપાવી અલગ-અલગ ચાર્જ પેટે તેમજ લોન એપ્લીકેશનો થી લોન લેવડાવી મૌલિક પરમારે તેના ખાતામાં ટ્રાન્સફર કરાવી લઇ, આજદિન સુધી લીધેલ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૨,૪૮,૧૪૩/- પરત નહી આપી, રમેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઈ.રાવલ ચલાવે છે.

## સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૬૭૩/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** પિન્કીબહેન વા/ઓ નિકુંજકુમાર પટેલ (ઉ.વ.૩૪)(રહે.શાયોના શિખર, વંદે માતરમ આઇકોન પાસે, ગોતા) એ તા.૨૩/૦૪/૨૦૨૩ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૪/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ગોતા આર્યન એમ્પલની સામે અપૂર્વમ બી.દેસાઇ સાઇટ આગળ રસ્તા ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ પિન્કીબહેનના ગળામાથી સોનાનું ડોકિયુ(મંગળસૂત્ર) કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.સાધુ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૭૪/૨૦૨૩**

**ચાંદખેડાઃ** કલ્પેશભાઇ મોહનલાલ પ્રજાપતી (ઉ.વ.૨૬)(રહે.સાંઈ સિમરન રેસીડન્સી ટી.પી.૪૪ ચાંદખેડા) એ તા.૨૩/૦૪/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૪/૨૦૨૩ રાતના ૯/30 વાગ્યાના સુમારે મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડીયમ પીલર નંબર-૨૬૬-૨૬૭ સામે આવેલ બીસલરીના પાણીના કાઉન્ટર ખાતે કલ્પેશભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ભીડનો લાભ લઇ કલ્પેશભાઇની નજર ચુકવી ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૭૫/૨૦૨૩**

**દાણીલીમડાઃ** નિલેષભાઇ રમણભાઇ તાવીયાડ (ઉ.વ.૨૨)(રહે. કચરાનો ઢગલો, દાણીલીમડા) તા.૨૦/૦૪/૨૦૨૩ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા કચરાના ઢગલા ખાતે ટ્રોમેલ મશીનમા લેબરવર્ક કરતા હતા ત્યારે ટ્રોમેલ મશિનમા પટ્ટા ઉપર કચરો ભેગો થઈ જતા નિલેષભાઇ નાઓ કચરો સાફ કરવા જતા તેમણે પહેરેલ શર્ટ પટ્ટામા ફસાઈ જતા તેમનો જમણો હાથ ટ્રોમેલ મશીનમા આવી જતા તેમજ છાતીના ભાગે કોઈ ધારદાર વસ્તુ વાગી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૪/૨૦૨૩ ના કલાક ૫/૦૦ વાગ્યે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભુપેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૭૬/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ચેતનાબહેન ડો/ઓ દિપકકુમાર પરમાર (ઉ.વ.૨૨)(રહે.શુભલક્ષ્મી નગર ગુ.હા.બોર્ડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૪/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** અમનભાઇ તુલસીભાઇ સોમૈયા (ઉ.વ.૨૧)(રહે.સુભાષનગર સિંધી હાઇસ્કુલ પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૩ ના કલાક ૨/૧૦ વાગ્યા પહેલા દધિચિઋષિ બ્રિજ અને ગાંધીબ્રિજ વચ્ચે રીવરફ્રન્ટ વોક વે સીડી નંબર-૨૪ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વસંતકુમાર કકવાજી ચલાવે છે.

**ઇસનપુરઃ** મયુરભાઇ બાલકૃષ્ણ રાવલ (ઉ.વ.૫૬)(રહે.રામેશ્વર સોસાયટી આનંદવાડી પાસે ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૩ સવારના ૭/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

**કાગડાપીઠઃ** હસમુખભાઇ રામજીભાઇ પરમાર (ઉ.વ.૨૮)(રહે.રામપુરાની ચાલી જયભીમ પાંચ બંગલા સામે ગીતા મંદિર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૪/૨૦૨૩ રાતના ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૪/૨૦૨૩ ના કલાક ૬/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ કાનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી